## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



થોડુ બી.પી. છે... સરકારી ડ્યુટી પર છો...? દવા લેવાની જરૂર નથી, ટ્રમ્પ જશે પછી સરખું થઈ જશે...!!!

# પાણી-ગટર વેરાની વસુલાત ઝુંબેશ શરૂ

**ત્રણ ઇન્કવાયરી કચેરી સહીત પાંચ કાઉન્ટર : ચાલુ મહિના દરમિયાન વેરાના બિલનુ વિતરણ કરી દેવાયુ : આગામી વર્ષથી કોર્પોરેશન મિલ્કત વેરા સાથે જ પાણી વેરો ઉઘરાવશે**

ગાંધીનગર તા ૨૦

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત કરવા માટે ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. પાણી ગટર વેરાની એડવાન્સ વસુલાત માટે પાટનગર યોજના ભવન સહીત સે-૩,૨૨ અને સે-૨૪ ની ઈન્કવાયરી કચેરી ખાતે કાઉન્ટર શરૂ કરી દેવાયા છે. અંદાજિત સવા ત્રણ કરોડના વેરાની વસુલાત કરવા માટે તંત્રએ કામગીરી શરૂ કરી દીધી છે. ચાલુ મહીના દરમિયાન સેકટરોમાં વેરાના બીલનુ વિતરણ પણ કરી દેવાયુ છે. જયારે આગામી વર્ષથી આ કામગીરી કોર્પોરેશનના હસ્તક જશે. મિલ્કત વેરા સાથેના બીલમાં પાણી ગટર વેરાની વસુલાત થઈ જાય તેવી વ્યવસ્થા પણ ગોઠવાઈ જશે.

ગાંધીનગર શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે દર વર્ષે એડવાન્સ વસુલાત કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવે છે. જયારે અગાઉના બાકી વેરાનો આંકડો પણ મોટો છે. ત્યારે તંત્ર દ્વારા અસરકારક ઉઘરાણી થાય તે માટે અગાઉ બાકીદારોને નોટીસ પણ આપવામાં આવી છે.

જયારે ચાલુ મહીના દરમિયાન તંત્ર દ્વારા બીલની વહેંચણી પણ કરી દેવામાં આવી છે. જેના અંતે વસુલાતની પ્રક્રીયા પણ શરૂ કરી દેવામાં આવી છે. હાલ પાણી ગટર વેરાની વસુલાત માટે પાટનગર યોજના વિભાગ તેમજ સે-૩, ૨૨ અને સે-૨૪ ની ઈન્કવાયરી કચેરી ખાતે કાઉન્ટર શરૂ કરી દેવાયુ છે. જયાં જોડાણકર્તાઓ પાસેથી વેરો વસુલવામાં આવે છે. પાણી ગટર વેરાના અંદાજિત ૪૦ હજારથી વધુ જોડાણકર્તાઓ પાસેથી સવા ત્રણ કરોડથી વધુ રકમનો વેરો વસુલવા માટે તંત્રએ બીલ વિતરણ બાદ વસુલાત શરૂ કરી દીધી છે.

બીજીતરફ કોર્પોરેશન દ્વારા વસુલવામાં આવતા મિલ્કત વેરાની સાથે જ પાણી ગટરનો વેરો પણ વસુલવામાં આવે તેની તૈયારીઓ પણ ચાલી રહી છે. જો કે આ મામલે કોર્પોરેશન કક્ષાએથી બે વાર વિગતો મંગાવી લેવામાં આવી છે. જયારે હવે આગામી વર્ષની એડવાન્સ વસુલાત અન્વયે ટેક્ષ સાથે જ નગરજનોએ પાણી ગટર વેરો ચુકવાનો રહેશે તેવુ આયોજન પણ કરી દેવાશે. શહેરના સેકટરો તેમજ શહેરી વિસ્તારના ગામોમાંથી પણ વેરો વસુલવામાં આવે છે. પરંતુ હજુ પણ નગરજનો વેરો ચુકવવામાં નિરસતા સેવી રહ્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે.

## વાત-વાતમાં.....

- શુક્રવારે મહાશિવરાત્રી પછી શનિ-રવિના પગલે સતત ત્રણ દિવસ સુધી શહેરની બેંકો બંધ રહેશે. લગ્નગાળાની સીઝન વચ્ચે સળંગ ત્રણ દિવસ સુધી બેંકો બંધ રહેવાને પગલે લગ્નસમારંભના આયોજકોને પરેશાનીનો સામનો કરવો પડી શકે છે.
- ગાંધીનગરના સેક્ટર-૮ ખાતે ન્યુ પરિણામ સર્કલ પાસે શહેરની પહેલી સ્પોર્ટસ એકેડેમીનો પ્રારંભ થઈ રહ્યો છે જેમાં ક્રિકેટની રમત તથા ફિટનેસ અંગે રણજી ટ્રોફી રમેલા ખેલાડીઓ દ્વારા તાલીમ અને કોચીંગ પુરૂ પાડવામાં આવશે. આ સ્પોર્ટસ એકેડેમી ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી શરૂ થઈ રહી છે જે ક્રિકેટના શોખીન બાળકો માટે ઉપયોગી સાબિત થશે.
- શહેરના સેક્ટર-૧૨માં શનિવારે ડૉ. આંબેડકર હોલ ખાતે રાત્રે ૯ કલાકે રોમાંટિક યુગલ ગીતોનો કાર્યક્રમ ''સલામત-એ-ઈશ્ક'' યોજાશે. આ કાર્યક્રમનું આયોજન શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા કરવામાં આવ્યું છે જેમાં કરાઓકે ટ્રેક પર શહેરના કલાકારો પરફોર્મન્સ આપશે જેને માણવા સંગીત રસિકોને વિનામૂલ્યે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



શહેરના સેકટરોની સાથે નગરના બાકી રહેતા માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. સચિવાલય પોઈન્ટના બસ સ્ટેન્ડ પાસે માર્ગ રીસરફેસીંગનુ કામ હાથ ધરાયુ છે. જુના અને નવા સચિવાલય વચાળે સ્થિત આ વિસ્તારમાં માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

## શહેરના સે-૨૪માં પાણીના ફોર્સ અને ગુણવત્તા સામે સ્થાનિકોમાં આક્રોશ

**સેકટરમાં છેલલા બે દિવસથીફોર્સથી પાણી આવતુ નથી ઉપરાંત દુષિત પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે**

ગાંધીનગર તા ૨૦

શહેરમાં પાણીના મામલે અનેકવાર સેકટરોમાં પોકાર ઉઠવા પામે છે. સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો રોષ સ્થાનિકો ઠાલવે છે. જયારે જુના સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી ફરિયાદો વધી છે. શહેરના સે-૨૪ માં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની બુમ ઉઠવા પામી છે. આ ઉપરાંત સેકટરના કેટલાક વિસ્તારમાં દુષિત પાણી આવતુ હોવાનો રોષ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. આ મામલે ત્વરિત સ્થાનિકોની ફરિયાદનુ નિરાકરણ આવે તેવી માંગ ઉઠવા પામી છે.

શહેરમાં પાણી પુરવઠો ૨૪ કલાક પુરો પાડવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. જયારે આ કાર્યયોજના અન્વયે કામગીરી પણ હાથ ધરવામાં આવશે. ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી સેકટરોમાં વારંવાર પાણીની પોકાર ઉઠતી રહે છે. સેકટરોમાં ક્યારેક ડહોળુ પાણી આવતુ હોવાની સાથે કયારેક ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પણ ઉઠવા પામે છે. શહેરમાં પાણીની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા પ્રતિદિનિ અંદાજિત ૬૦ એમ એલ ડી થી વધુ પાણી સપ્લાય કરવામાં આવે છે. નર્મદા અને બોરના આધારે પાણી વિતરણ કરવામાં આવે છે. જેના અંતે શહેરમાં દેશમાં સૌથી માથાદીઠ પાણીનો વપરાશ થતો હોવાનુ તારણ પણ સામે આવ્યુ છે. આમછતા સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. હાલ શહેરમાં પાણી ઓછા ફોર્સથી આવતુ હોવાની સાથે સે-૨૪ માં દુષિત પાણી આવતુ હોવાનો કકળાટ પણ ઉઠવા પામ્યો છે. જેના લીધ સ્થાનિક રહીશોમાં પણ રોગચાળાનો ખતરો મંડરાયો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરના સેક્ટર-૧૪માંથી આજે વધુ ૩ કમળાના કેસ મળતાં તંત્ર ચિંતામાં ગરકાવ થયુ છે.
- આજે રાજ્ય મંત્રીમંડળના સભ્યોની કચેરીમાં પણ મીની વેકેશન જેવો માહોલ જોવા મળ્યો હતો. મંત્રીઓ ન હોવાને કારણે ઘણા પી.એ., પી.એસ. પણ ઓફિસ આવ્યા ન હતા.
- ગાંધીનગર સ્થિત ફોરેન્સીક સાયન્સીસ યુનિ.ની આજે માલદીવના ગૃહમંત્રીના નેતૃત્વમાં પાંચ સભ્યોના પ્રતિનિધિમંડળે મુલાકાત લીધી હતી.
- અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાતને લઈ આજે પણ જિલ્લાનું તંત્ર મીટીંગોમાં જ વ્યસ્ત રહ્યુ હતુ. આને કારણે મુલાકાતીઓ નિરાશ થઈ પરત ફરતા જોવા મળ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં મહા શિવરાત્રિના મેળાની તડામાર તૈયારીઓ ગ્રામ્ય વિસ્તારમાં ચાલી રહી છે તો શહેરના પંચદેવ મંદિર ખાતે પણ તૈયારીઓ ચાલી રહી છે.
- ગુજરાત સેન્ટ્રલ યુનિ.ના દ્વિતીય પદવીદાન સમારોહમાં ૩૬૮ વિદ્યાર્થીઓને યુનિ.ના વિવિધ પ્રોગ્રામ માટે ડિગ્રી એનાયત કરવામાં આવશે. ૨૨મીએ આ પદવીદાન સમારોહનું આયોજન કરાયુ છે.



મહાશિવરાત્રીના ઉપલક્શ્યમાં ગાંધીનગરના સેકટર-૧માં સ્થિત સમદર્શન આશ્રમમાં શ્રી કૃપાનિધિ મહાદેવના સાનિધ્યમાં અને પૂજ્ય ગુરુમાની ઉપસ્થિતિમાં જાણીતા કર્ણાટકી ગાયક અને વરિષ્ઠ સનદી અધિકારી શ્રીમતી ડૉ. જયંતી રવિ અને ગૃપના કલાકારોએ નામ સંકિર્તન પ્રસ્તુત કર્યુ હતું. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિક ભક્તો પણ નામ સંકિર્તનમાં જોડાયા હતા.

## ખોટી નંબર પ્લેટ લગાવી બાઈક આપનાર અને ફરનાર સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર એલસીબી-૨ના એએસઆઈ અમૃતભાઈ ટીમ સાથે ડભોડા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન રણાસણ સર્કલ પાસે શંકાસ્પદ લાગતા બાઈક ચાલકને પકડી પાડ્યો હતો. જી.જે.૦૧.ડી.એન.-૬૨૯ નંબરના બાઈકના કાગળો માંગતા તેની પાસે ન હતા. જેને પગલે પોલીસે એકલવ્ય સોફટવેરની મદદથી રજીસ્ટ્રેશન નંબર ચેક કરતા ચેસીસ નંબર અને એન્જિન નંબર અલગ અલગ આવ્યા હતા. જેથી પોલીસે બાઈક ચાલક શ્રવણ હસનાથભાઈ રાજપૂત (ઉ.વ.૩૨, ગોલ મકાન નં-૫ નરોડા)ની અટકાયત કરી હતી.શ્રવણની વધુ પુછપરછ કરતા તેણે બાઈક પોતાના શેઠ સંજયભાઈ મનુભાઈ પટેલે (રહે. હરીઓમ ટ્રેડર્સ ટ્રાન્સપોર્ટ કંપની નોબલનગર) આપ્યું હોવાનું કહ્યું હતું.જેથી પોલીસે સંજય પટેલ પાસે બાઈકની આરસી બુક માગતા તેમણે જી.જે.૦૧.ડી.એન. -૬૨૯ નંબરની હતી. જયારે પકડાયેલુ બાઈક અલગ જ હતું. તેના પર આ નંબર લાગેલો હતો. જેથી ખોટી નંબર પ્લેટ લગાવીને બાઈક આપનાર અને ફેરવનાર બંન્ને સામે ડભોડા પોલીસ મથકે ગુનાહિત વિશ્વાસઘાત, ઠગાઈ, ખોટા દસ્તાવેજ અંગે ગુનો નોંધાયો છે. જયારે પોલીસે આરોપીઓ હકીકતમાં બાઈક કયાંથી લાવ્યા તે દિશામાં તપાસ આગળ વધારી છે.

# સલામતી શાખાના કમાન્ડોનો છાતીમાં ગોળી મારી આપઘાત

ગાંધીનગર, તા.૨૦

શહેરના જ માર્ગ પર બોરીજ જૈન દેરાસરની સામેની બાજુએ સેકટર-૩૦ ના નિર્જન સરકારી આવાસ પાસે ૧૨ વાગ્યાના અરસામાં સલાતમી શાખામાં ફરજ બજાવતા કમાન્ડોએ સર્વિસ રીવોલ્વરથી આપઘાત કરી લીધો છે. કમાન્ડોને રજા હોવાથી ઘરેથી રિવોલ્વરની સાફ સફાઈ કરીને આવુ છુ તેમ કહીને નીકળ્યા હતા. કમાન્ડોનો મૃતદેહ સેકટર-૩૦ ના જ-૨ ટાઈપના બંધ રહેલા સરકારી મકાન પાસેથી મળી આવ્યો હતો. તેમની સુસાઈડ નોટમાં આર્થિક સંકળામણને પગલે તેઓ આ પગલુ ભરતા હોવાનો ઉલ્લેખ છે. અચાનક કમાન્ડોના મૃત્યુને પગલે સમગ્ર પરિવાર આભ તુટી પડ્યું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેર નજીક પેથાપુર ખાતે રહેતા અને મુળ ભાવનગર જિલ્લાના રામધારી ગામના સાતાભાઈ તેજાભાઈ ચૌહાણ ગાંધીનગર ખાતે સલામતી શાખામાં કમાન્ડો તરીકે ફરજ બજાવતા હતા. આજે સવારના સુમારે તેઓ રજા હોવાથી ઘરે રિવોલ્વરની સાફ સફાઈ કરાવીને આવુ છુ તેમ કહીને ગાડી લઈને નીકળ્યા હતા.

જયાંથી તેઓ સીધા જ માર્ગ નજીક બંધ પડેલા સેકટર-૩૦ ના જ-૨ કક્ષાના નિર્જન મકાનો પાસે પહોંચ્યા હતા. આ વિસ્તારમાં ખાસ કોઈ આવન-જાવન રહેતી નથી. ત્યારે તેઓએ કારમાંથી નીચે ઉતરીને પોતાની સર્વિસ રિવોલ્વરથી છાતીમાં ગોળી મારીને આપઘાત કરી લીધો હતો. ત્યારે ૧૨ વાગ્યાના અરસામાં જ માર્ગ પરથી પસાર થતી પીસીઆર વાનના સ્ટાફનું ધ્યાન નિર્જન વિસ્તારમાં ખંડેર સરકારી મકાન પાસે પડેલી ગાડી તરફ ગયું હતું. જેને પગલે પોલીસે જઈને તપાસ કરતા કમાન્ડો સાતાભાઈ નીચે પડેલા મળ્યા હતા.

જેથી પોલીસે મૃતદેહનું પીએમ કરાવી જરૂરી નોંધ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તેમણે પોતાની સ્યુસાઈડ નોટમાં લખ્યુ હતુ કે આર્થિક સંકળામણમાં છે અને વ્યવહારો બંધ થઈ જતા છેલ્લા ૬ માસથી ટેન્શનમાં હોવાથી આ પગલુ ભરી રહ્યા છે. તેના માટે અન્ય કોઈ જવાબદાર નથી, પોતાના ભાઈને સંબોધીને તેઓએ લખ્યુ છે કે પત્ની અને બાળકોનું ધ્યાન રાખજે. ઉલ્લેખનીય છે કે સાતાભાઈ ચૌહાણ સીએમ સીક્યુરીટીમાં ફરજ બજાવતા હતા.

# આઝાદીની ક્રાંતિકારી ચળવળ સમયે જનમાનસના ઘડતરમાં સમાચારપત્રોની ભૂમિકા મહત્ત્વની હતી : રાજ્યપાલશ્રી

**ગાંધીનગર ખાતે ઈન્ડિયન જર્નાલિસ્ટ યુનિયનની રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠક યોજાઈ**

ગાંધીનગર.

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આઝાદીની ક્રાંતિકારી ચળવળ સમયે જનમાનસના ઘડતરમાં પત્રકારોની - સમાચારપત્રોની ભૂમિકા મહત્ત્વરૂપ હતી. ગાંધીનગર ખાતે ઈન્ડિયન જર્નાલિસ્ટ યુનિયનની રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠકના ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યપાલશ્રીએ પત્રકારત્વને લોકશાહી શાસન પ્રણાવાનાં અભિન્ન અંગ સમાન ગણાવ્યું હતું.




રાજ્યપાલશ્રીએ સ્વાતંત્ર સંગ્રામમાં પત્રકારોની ભૂમિકા સંદર્ભે વધુમાં જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી, લોકમાન્ય તિલક જેવા મહાપુરુષોએ સ્વતંત્રતા પ્રાપ્તિ માટે પત્રકારત્વના માધ્યમથી સમાજને માર્ગદર્શન આપ્યું હતું. એટલું જ નહીં ગણેશશંક વિદ્યાર્થીના પ્રતાપ અખબાર સાથે જોડાઈને ક્રાંતિકારી શહીદ ભગતસિંહે શરૂઆતના દિવસોમાં અંગ્રેજ શાસન સામે જંગ છેડ્યો હતો.

પત્રકારત્વમાં વિશ્વસનીયતા અને પ્રમાણિકતા બહુ જ જરૂરી છે તેમ જણાવતાં રાજ્યપાલશ્રીએ ઉમેર્યુ હતું કે, સત્તાના માર્ગ પર ચાલનારાને પત્રકારત્વ સત્યનું દિશાદર્શન કરાવે છે. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે સત્યનો અવાજ દબાઈ જાય છે ત્યારે કલમ બોલે છે. પત્રકારત્વ એ તપસ્વી વ્યક્તિનું કાર્ય છે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, આત્માના અવાજથી સર્વોપરિતા સ્વીકારવી એ જ પત્રકારોનો ઉદ્દેશ હોવો જોઈએ.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ પદ્મશ્રી સુભાષ પાલેકર પ્રેરિત પ્રાકૃતિક કૃષિ, ગૌવંશની નસલ સુધારણા, નશામુક્તિ જેવા અભિયાનોની સફળતામાં પત્રકારોના સહયોગની પણ નોંધ લીધી હતી.

**સત્યનો અવાજ દબાઈ જાય છે, ત્યારે કલમ બોલે છે - રાજ્યપાલશ્રી ● પ્રમાણિકતા સાથે સત્યનું શરણ અને અસત્યનો પરિત્યાગ પત્રકારનો ધર્મ - વરિષ્ઠ પત્રકાર શ્રી વેદપ્રતાપ વૈદિકજી**

આ કાર્યક્રમમાં ઉપસ્થિત વરિષ્ઠ પત્રકાર શ્રી વેદપ્રતાપ વૈદિકજીએ પત્રકારોને લોકતંત્રનું હૃદય ગણાવી જણાવ્યું હતું કે, શરીરનો કોઈ ભાગ આરામ કરે તે ચાલશે પણ હૃદયને ચોવીસ કલાક કામ કરવું પડશે, તેમ લોકશાહીમાં પત્રકારો ચોવીસ કલાક સતર્ક રહીને કાર્ય કરે છે. તેમણે પત્રકારત્વનાં વ્યવસાયને ત્યાગ અને સમર્પણનો વ્યવસાય ગણાવ્યો હતો. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, મનથી સ્વતંત્ર રહેનારા પત્રકારને કોઈ અંતરાય નડતો નથી. પ્રમાણિકતાની સાથે સત્યનું શરણ અને અસત્યનો પરિત્યાગ પત્રકારનો ધર્મ છે. તેમણે શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે સાનુકુળ પરિવર્તનની પણ હિમાયત કરી હતી.

આ કાર્યક્રમમાં ઈન્ડિયન જર્નાલિસ્ટ યુનિયનના અધ્યક્ષ શ્રી કે. બી. પંડિતે યુનિયનની કાર્યપ્રણાલી અને પત્રકારોની સ્વતંત્રતા તેમજ સામાજિક સુરક્ષા સંદર્ભે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. જ્યારે યુનિયનના ગુજરાત રાજ્યના સંયોજક શ્રી ભીખાભાઈ પ્રજાપતિ અને સ્વાગત સમિતિના અધ્યક્ષ શ્રી લક્ષ્મણભાઈ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં બિહારના વરિષ્ઠ પત્રકાર આચાર્ય ગૌરીશંકર ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે વિવિધ રાજ્યોમાંથી ઉપસ્થિત રહેલા અગ્રણી પત્રકારોનું સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે મૃગેશભાઈ શિવપુંજીએ આભારદર્શન કર્યું હતું.

## છાવણીમાં ટેટ-૧ અને ૨ તેમજ ટાટ પાસ ઉમેદવારોના ધરણા

છેલ્લા કેટલાય સમયથી રાજ્ય સરકાર દ્વારા ટેટ-૧, ૨ અને ટાટ પાસ ઉમેદવારોની ભરતી કરવામાં આવી નથી. જેથી ટેટ-૧-૨ અને ટાટ પાસ ઉમેદવારો સરકાર દ્વારા ભરતી પ્રક્રિયા ઝડપી કરવામાં આવે તે માટે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પર બેઠા છે. રાજ્યભરમાંથી ટાટ અને ટેટ-૧-૨ પાસ ઉમેદવારો છાવણી ખાતે આવી પહોંચ્યા છે.

# આંતરિક સફાઈની કામગીરી કરતી એજન્સીની મુદત વધારવાની દરખાસ્ત મુલતવી રખાઈ

**સ્થાયી સમિતિએ તંત્રના વલણની ટીકા અને ટિપ્પણી સાથે ખુલાસાઓ માંગ્યા**

ટેન્ડરોની સમય-મર્યાદા પૂર્ણ થઈ ગયા પછી સ્થાયી સમિતિની મંજૂરી વિના એજન્સીઓને ચુકવણુ કરવામાં આવી રહ્યુ હોવાની વાતને આજે સ્થાયી સમિતિએ ગંભીરતાથી લઈ આ મુદ્દે ખુલાસો કરવા માટે તંત્રને કડક તાકીદ કરી છે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલ આજની સ્થાયી સમિતિમાં ગાંધીનગર મનપાની કચેરીમાં ટેન્ડરના ઈજારદારની સમય-મર્યાદા પૂર્ણ થયા બાદ સ્થાયી સમિતિની મંજૂરી વિના કોઈપણ ચુકવણુ ન કરવાનુ ઠરાવવામાં આવે છે.

આજે સફાઈની કામગીરી કરતી એજન્સીની મુદતમાં વધારો કરવાની કમિશ્નરની દરખાસ્ત પર ગંભીરતાથી ચર્ચાઓ થઈ હતી. જો કે આ મુદ્દો હાલ પુરતો મુલ્તવી રાખી કેટલીક ગંભીર ટિપ્પણીઓ સ્થાયી સમિતિએ કરી છે. આ અગાઉ ટેન્ડરોની મુદત પૂર્ણ થઈ ગયેલ હોવા છતાં સ્થાયી સમિતિની મંજૂરી વિના કમિશ્નરશ્રી દ્વારા ચુકવણા કરવામાં આવેલ છે. તો આ ટેન્ડર કયા કારણોસર સ્થાયી સમિતિની મંજૂરી માટે મોકલવામાં આવેલ છે તેનો પણ ખુલાસો સ્થાયી સમિતિએ માંગ્યો છે.

આજની આ બેઠકમાં એક્સ સર્વિસમેન તથા ડીફએન્સ ખાતાના કર્મચારીઓની પત્નીઓની, શહીદોની વિધવાઓની મિલ્કતને મિલ્કતવેરામાંથી મુક્તિ આપવાની દરખાસ્તને સામાન્ય સભાની મંજૂરી માટે રજુ કરવા જણાવાયુ છે.

કર્મયોગીઓને તાલિમ આપવાના મુદ્દે પણ બજેટની જોગવાઈઓ મુજબ આયોજન કરી આગળ વધવા માટે લીલી ઝંડી આપવામાં આવી છે.

## આંતરિક સફાઈનું ટેન્ડર ચોથીવાર રદ કરાતાં કોંગી કાઉન્સીલર ઉકળ્યા

ગાંધીનગર શહેરની આંતરિક સફાઈ ટેન્ડર ચોથીવાર રદ કરવાના મુદ્દે કોંગી કાઉન્સીલર અંકિત બારોટે આક્રોશ વ્યક્ત કર્યો છે અને ભાજપ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. બારોટે આજે એક નિવેદનમાં ચોથીવાર આ ટેન્ડર રદ કરવામાં આવતાં એવો આક્ષેપ કર્યો છે કે ભાજપના કયા નેતાના ઈશારે આ ટેન્ડર રદ કરવામાં આવ્યુ છે તે તપાસ માંગી લે છે. આ ટેન્ડર ચાર-ચાર વાર રદ કરી મનપાને ટેન્ડરની કમાણી કરવામાં રસ હોય તેવુ પણ ફલિત થાય છે. સફાઈમાં રસ છે કે વહીવટમાં રસ મનપાને અને પદાધિકારીઓને રસ છે તે સમજાતુ નથી.

# ચોરીનો મુદ્દામાલ વેચવા આવેલ આરોપીને એલસીબીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે ચોરીનો માલ-સામાન વેચવા માટે આવેલા બે આરોપીઓને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. આ આરોપીએ સાંતેજ પોલીસ મથકના વડસર વિસ્તારમાં બે ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસે તેમની પાસેથી રૂ.૩૩,૮૫૩ કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે આરોપી સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લામાં ઘરફોડ ચોરીના બનતા ગુના અટકાવવા માટે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી એલસીબી પીઆઈ જે.જી. વાઘેલાએ પોતાની ટીમો સક્રિય કરી હતી. જેમાં પીએસઆઈ વી.કે.રાઠોડ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા. ત્યારે હે.કો.રણજીતસિંહને સેકટર-૨૧ ખાતે ચોરીનો સામાન વેચવા માટે ફરતા શખ્સ અંગે બાતમી મળી હતી. જેને પગલે એલસીબી પોલીસે રજનીકાંત ઉર્ફે અજય શ્રીશ્યામસીંગ સિંઘાનીયા (રહે. ખાત્રજ, મુળ ઉતરપ્રદેશ)ને પકડી પાડ્યો હતો. તેની પાસેથી પોલીસે વિવિધ કંપનીના ૬ મોબાઈલ, ત્રણ ચાંદીના અને એક સોનાનો સિક્કો મળી આવ્યો હતો. જેને પગલે પોલીસે આરોપીની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તેણે કબુલાત કરી હતી કે પોતાના ભાઈ




વિનય સિંઘાનીયા સાથે મળી આશરે ૮ થી ૯ દિવસ પહેલા વડસર ગામે આવેલા ટાટા હાઉસીંગના એક ઘરમાંથી ટીવી, ગેસ સિલિન્ડર, બે મોબાઈલ તથા એક પર્સની ચોરી કરી હતી. આ ચોરીના બે ત્રણ દિવસ પછી ખાત્રજ ચોકડીથી વડસર માર્ગ પર એક કરીયાણાની દુકાનનું પતરુ તોડી કરીયાણાનો સામાન, એક ગેસ સિલિન્ડર ચોર મોબાઈલ અને ચાંદીના ચાર સિક્કા, એક સોનાનો સિક્કો ચોરી કર્યો હતો. આ બંન્ને ચોરી અંગે સાંતેજ પોલીસ મથકે ગુનો દાખલ થયેલ છે. આ ઉપરાંત તેમણે ભાડજ ગામેથી એક ગલ્લો તોડી તેમાંથી એક ગેસ સિલિન્ડરની ચોરી કરી હતી. ચોરીનો વધુ સામાન ઘરે હોવાનું કહેતા એલસીબી પોલીસે ખાત્રજ ગામે આરોપીના ઘરેથી ટીવી, ગેસ સિલિન્ડર, વિઝાકાર્ડ, લેમ્બ બેટરી, સાબુ તેમજ અન્ય ઘરવખરી મળી કુલ રૂ.૩૩૮૫૩ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી તેના ભાઈને પકડી પાડવા માટે ગતિવિધી તેજ કરી છે.